सत्य मेव जयते

**કપડવંજના મહે. એડીશનલ ચીફ જ્યુડી મેજી. સાહેબની કોર્ટમાં, મુ.કપડવંજ**

ફોજદારી કેસ નં.૮૨/૨૦૨૬

આંકઃ–

**શ્રી સરકાર** ..... ફરીયાદી

વિરૂદ્ધ

**રાજેન્દ્રકુમાર શનાભાઈ પરમાર,**
રહે.ગલાબપુરા તાબે આતરસુંબા, તા.કપડવંજ, જી.ખેડા. ..... આરોપી

**ગુનોઃ–ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ–૨૨૩ મુજબ**

**॥ ઠરાવ ॥**

**(૧)** આ કામના આરોપીએ તા.૨૩/૧૧/૨૦૨૫ ના રોજ કલાક ૧૩ઃ૫૫ વાગ્યે મોજે આતરસુંબા ગામ ખાતે આવેલ પોતાની મંન્ચુરીયનની લારી પર કેટલાક પરપ્રાંતીયો તેઓના નામ સરનામા વેરીફીકેશન નહિં કરી તેમજ ઓળખ સરનામાના પુરાવા નહિં મેળવી નોકરીએ રાખી શ્રમિકોને રાખવા બાબતે મદદનીશ શ્રમ આયુકતશ્રી ખેડાનાઓને તથા પોલીસ સ્ટેશન ખાતે નોંધણી નહિં કરાવી મે. અધિક જીલ્લા મેજી. સાહેબ ખેડા નડીયાદનાઓના જાહેરનામાનો ભંગ કરી પકડાઈ જઈ ગુનો કરેલ હોય ધોરણસરની કાર્યવાહીના અંતે ઉપર મુજબનો ગુનો નોંધવામાં આવેલો છે. ત્યારબાદ તપાસના અંતે હાલના આરોપી સામે ચાર્જશીટ રજુ કરી ફોજદારી કેસ નોંધવામાં આવેલ છે.

**(૨)** આ કામના આરોપી અદાલત સમક્ષ હાજર થતા આરોપીને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે અને અદાલત સમક્ષ હાજર થઈ ગુનાની કબુલાત પુરસીસ રજુ કરેલ છે અને ગુના અંગે પુછતા નિવેદન નોંધતા આરોપીએ ગુનો કબુલ કરેલ છે. આ કામના આરોપીએ ગુનો કબુલ કરેલ હોય તેવા સંજોગોમાં હાલના આરોપી સામેનો ગુનો પુરવાર થતો હોય આરોપીને ગુનાની સજા અંગે સમજ કરવામાં આવેલ છે. આરોપીએ પોતાની

પુરસીસમાં જણાવેલ હકીકતો ધ્યાને લેતા તેઓ ગરીબ અને મજુર વર્ગના અને કુટુંબ–કબીલાવાળા અને બાલ–બચ્ચાવાળા કુટુંબની જવાબદારી વાળા અને એકમાત્ર કમાનાર વ્યક્તિ હોય ગુન્હા બદલ તેને પસ્તાવો થયેલ છે અને તેના પર દયારહેમ રાખવા વિનંતી કરેલી છે.

(૩) આ કામે હાલના આરોપી સામેના કેસની હકીકતો, રજુઆતો અને કબુલાતના સંજોગો જોતા આ ગુનામાં આરોપીને કસુરવાન ઠરાવવામાં આવે છે. સજાની જોગવાઈ, સંજોગો ધ્યાને લેતા આરોપીને કસુરવાન ઠરાવવામાં આવે છે. સજાના સંજોગો ધ્યાને લેતા આરોપીને પુરેપુરી સજા કરવાને બદલે **નામ. ગુજરાત હાઈકોર્ટના જી.એલ.આર.૨૦૦૫, પેજ નં.૧૦૯ ઉપરના સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવર હરચંદજી ઠકકર**ના ચુકાદામાં પ્રસ્થાપિત સિદ્ધાંત મુજબ હળવી સજા કરવાનું ન્યાયોચિત જણાય છે. આમ, સમગ્ર હકીકતો લક્ષમાં રાખી હાલના ઉપર લખ્યા આરોપીને ગુનો કબુલ કરતા હોય ગુનાની કબુલાતના સંજોગોને ધ્યાને લઈ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**<u>II– હુકમ –II</u>**

આ કામના આરોપી **રાજેન્દ્રકુમાર શનાભાઈ પરમાર,** રહે.ગલાબપુરા તાબે આતરસુંબા, તા.કપડવંજ, જી.ખેડાનાઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૫ અન્વયે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૨૩ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તેમજ રૂ.૫૦૦/–(અંકે રૂપિયા પાંચસો પુરા)નો દંડ કરવામાં આવે છે, જો કોઈ આરોપી દંડની રકમ ન ભરે તો દિન–૦૫ ની સાદી કેદ ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ–૧૪, માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ સ્પેશીયલ સીટીંગ દરમ્યાન વાંચી સંભળાવી જાહેર કર્યો.

**કપડવંજ**
**તા.૧૪/૦૩/૨૦૨૬**

**(માયાદેવી આર. શુકલા)**
**એડી. ચીફ જ્યુડી. મેજી., કપડવંજ**
**(જીજે.૦૦૬૮૧)**